# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-12-2025** **Midday : 1.20 to 1.30**

**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

1) કોંગ્રેસની રેલીમાં પ્રધાનમંત્રી નરેદ્ર મોદી સામે કરવામાં આવેલા ઉચ્ચારણોના મામલે સંસદના બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત.. કોંગ્રેસની નેતાગીરી માફી માંગે તેવી ભાજપની માંગણી
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે જોર્ડન , ઇથોપિયા અને ઓમાનની ત્રણ દેશોની મુલાકાતે રવાના
3) ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીએ લોખંડી પુરુષ સરદાર પટેલને તેમની 75મી પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પી
4) ઓસ્ટ્રેલિયામાં થયેલા આતંકી હુમલાખોર તરીકે પાકિસ્તાની પિતાપુત્રની ઓળખ થઇ... હુમલાખોર પિતા ઠાર..પુત્ર સારવાર હેઠળ
5) ભારતીય સ્ક્વોશ ટીમને સ્ક્વોશ વર્લ્ડ કપ માં પ્રથમ વખત વર્લ્ડ કપ જીતીને ઇતિહાસ રચવા બદલ દેશભરમાંથી અભિનંદનની વર્ષા

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી રાષ્ટ્રીય સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 2 વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

# REV. LS-RS ADJOURNED

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ કોંગ્રેસ નેતૃત્વ પાસેથી માફી માંગવાની માંગણી કરતા NDA સાંસદોના વિરોધ બાદ લોકસભા અને રાજ્યસભા બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. લોકસભા દિવસભર માટે મળી ત્યારે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ગૃહમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો, ગઈકાલે નવી દિલ્હીમાં કોંગ્રેસની રેલીમાં પ્રધાનમંત્રી વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણીઓની નિંદા કરી હતી. શ્રી રિજિજુએ કહ્યું હતું કે , આવી ટિપ્પણીઓ આ દેશ માટે અસ્વીકાર્ય છે. તેમણે આને શરમજનક અને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું હતું.**

**(S/B- કિરેન રિજિજુ)**

**જેમ જેમ હોબાળો ચાલુ રહ્યો , સ્પીકર ઓમ બિરલાએ ગૃહને બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું. અગાઉ , ગૃહે ભૂતપૂર્વ સભ્યો સુભાષ આહુજા , પ્રો. સલાહુદ્દીન અને બાલ કૃષ્ણ ચૌહાને શ્રદ્ધાંજલિ આપી અને દિવંગત આત્માઓની યાદમાં મૌન પાળ્યું.**

**રાજ્યસભામાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા. જ્યારે ગૃહ દિવસભર માટે મળ્યુ , ત્યારે ગૃહના નેતા જેપી નડ્ડાએ રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી પાસેથી માફી માંગવાની પણ માંગ કરી હતી. તેમણે કહ્યું કે, આવી ટિપ્પણીઓ કોંગ્રેસ પાર્ટીની વિચારસરણી અને માનસિકતા દર્શાવે છે.**

**(S/B- જેપી નડ્ડા)**

હંગામો ચાલુ રહેતાં, ઉપાધ્યક્ષ હરિવંશે ગૃહને બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું

# PM- THREE NATION VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જોર્ડન , ઇથોપિયા અને ઓમાનની ત્રણ દેશોની મુલાકાતે જવા રવાના થયા છે. તેમની મુલાકાતના પ્રથમ તબક્કામાં , શ્રી મોદી રાજા

અબ્દુલ્લા બીજા ઇબ્ન અલ હુસૈનના આમંત્રણ પર જોર્ડનની મુલાકાત લેશે. તેમના પ્રસ્થાન નિવેદનમાં, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે તેઓ રાજા અબ્દુલ્લા અને જોર્ડનના પ્રધાનમંત્રી જાફર હસન સાથે વિગતવાર ચર્ચા કરશે. શ્રી મોદી ઓમાનમાં ભારતીય સમુદાયને પણ મળશે, જેમણે ભારત-જોર્ડન સંબંધોમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. શ્રી મોદીની આ મુલાકાત બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠ સાથે સુસંગત છે. ઓમાનથી પ્રધાનમંત્રી આવતીકાલે ઇથોપિયાની રાજધાની અદીસ અબાબા જશે. તેઓ અદ્દિસ અબાબામાં ઇથોપિયાના પ્રધાનમંત્રી ડૉ. અબીય અહમદ અલી સાથે વિગતવાર ચર્ચા કરશે. શ્રી મોદી ભારતીય સમુદાયને મળશે અને સંસદના સંયુક્ત સત્રને પણ સંબોધિત કરશે.

અંતિમ તબક્કામાં, શ્રી મોદી બુધવારે ઓમાનના મસ્કત પહોંચશે. આ મુલાકાત ભારત અને ઓમાન વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 70 વર્ષ પૂર્ણ કરશે. મસ્કતમાં, શ્રી મોદી ઓમાનના સુલતાન સાથે ચર્ચા કરશે અને ઓમાનમાં ભારતીય સમુદાયની એક સભાને પણ સંબોધિત કરશે.

# ETHIOPIA - BUSINESS WOMAN

ઇથોપિયાના આદિસ અબાબામાં એક અગ્રણી ભારતીય ઉદ્યોગપતિ મૈત્રી જોશીએ આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા કહ્યું કે ઇથોપિયા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વાગત માટે ઉત્સુક છે.. તાજેતરના પ્રવાસી ભારતીય દિવસ દરમિયાન મહિલાઓના મુદ્દાઓ પર પેનલમાં પણ ભાગ લઈ ચૂકેલા મૈત્રી જોષીએ કહ્યું હતું કે ઇથોપિયા અને ભારત એક સમાન સંસ્કૃતિ ધરાવે છે અને બંને દેશોની મહિલાઓ એકબીજા પાસેથી ઘણું શીખી શકે છે

(બાઇટ- મૈત્રી જોષી, બિઝનેશ વુમન ઇથોપિયા)

# CIC-OATH

રાજ કુમાર ગોયલે આજે મુખ્ય માહિતી કમિશનર તરીકે શપથ લીધા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવનમાં શ્રી ગોયલને શપથ લેવડાવ્યા હતા.

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો

(ગોન્ગ મ્યુઝિક)

# PATEL- PM.VP.HM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી,ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને તેમની 75મી પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે સરદાર પટેલે પોતાનું જીવન દેશને એક તાંતણે બાંધવા માટે સમર્પિત કર્યું હતું. તેમણે કહ્યું કે રાષ્ટ્ર હંમેશા અવિભાજિત અને મજબૂત ભારતવર્ષના નિર્માણમાં તેમના યોગદાનને યાદ રાખશે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી.રાધાકૃષ્ણને સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે સરદાર પટેલે રજવાડાઓનું વિલીનીકરણ કરીને દેશને એક કરવામાં મુખ્ય ભૂમિકા

ભજવી હતી.શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે તેમનો અમર વારસો "એક ભારત શ્રેષ્ઠ ભારત" માટે પ્રેરણા અને વિકસિત ભારત માટે રાષ્ટ્રનો માર્ગદર્શક છે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે સરદાર પટેલે અનેક પ્રતિકૂળ પરિસ્થિતિઓ છતાં એક ખંડિત સ્વતંત્ર ભારતને એક મજબૂત રાષ્ટ્રમાં એક કર્યું. શ્રી શાહે કહ્યું કે દેશના પ્રથમ ગૃહમંત્રી તરીકે , સરદાર પટેલે ભારત માતાની સુરક્ષા, આંતરિક સ્થિરતા અને શાંતિની સ્થાપનાને તેમના જીવનનું લક્ષ્ય બનાવ્યું.

# DEILHI-AIRPORT ADVISIORY

દિલ્હી હવાઈમથક પર ગાઢ ધુમ્મસને કારણે , હાલમાં ફ્લાઇટ્સ CAT-3 સિસ્ટમનો ઉપયોગ કરીને કાર્યરત છે. આના કારણે ફ્લાઇટ્સમાં વિલંબ અને રદ થવાની સંભાવના છે. અધિકારીઓએ ખાતરી આપી છે કે મુસાફરો માટે સરળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે સક્રિય સહાય પૂરી પાડવામાં આવી રહી છે. મુસાફરોને ફ્લાઇટના સમયનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે. CAT-3 એક નેવિગેશન સિસ્ટમ છે જે ગાઢ ધુમ્મસ અને ખરાબ હવામાન જેવી ઓછી દૃશ્યતાવાળી સ્થિતિમાં વિમાનને ઉતરાણ કરવામાં મદદ કરે છે.

# DAY AUSTRALIA SHOOTING

ઓસ્ટ્રેલિયામાં, ન્યૂ સાઉથ વેલ્સ પોલીસે જણાવ્યું છે કે સિડની બોન્ડી બીચ પર ગોળીબાર કરનારા શૂટર્સની ઓળખ પાકિસ્તાનના લાહોરના પિતા-પુત્રની જોડી તરીકે

થઈ છે. હુમલા દરમિયાન પોલીસે બંદૂકધારીઓમાંથી એક , 50 વર્ષીય સાજિદ અકરમને ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો , જ્યારે તેનો 24 વર્ષીય પુત્ર નવીદ અકરમ ઘાયલ થયો હતો અને હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ હુમલામાં 16 લોકોના મોત થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર , પિતા-પુત્રએ ગઈકાલે સાંજે 'ચાનુકા બાય ધ સી ' કાર્યક્રમમાં ગોળીબાર કર્યો હતો , જે યહૂદી તહેવારના પહેલા દિવસની ઉજવણી માટે આયોજિત કરવામાં આવ્યો હતો. ઓસ્ટ્રેલિયાના ગૃહ બાબતોના અધિકારીઓએ જણાવ્યું છે કે નવીદ અકરમ ઓસ્ટ્રેલિયામાં જન્મેલા નાગરિક છે. તેના પિતા , સાજિદ અકરમ, 1998 માં વિદ્યાર્થી વિઝા પર ઓસ્ટ્રેલિયા આવ્યા હતા , જેને 2001 માં પાર્ટનર વિઝામાં અને પછીથી રેસિડેન્ટ રિટર્ન વિઝામાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા.

# JAISHANKAR-WONG

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ પેની વોંગ સાથે ટેલિફોનિક વાતચીત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં , મંત્રીએ કહ્યું કે વાતચીત દરમિયાન, તેમણે બોન્ડી બીચ આતંકવાદી હુમલા અંગે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને આ કપરા સમયમાં ભારત ઓસ્ટ્રેલિયાની પડખે હોવાનો સધિયારો આપ્યો.

# PM-SQUASH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતીય સ્ક્વોશ ટીમને SDAT સ્ક્વોશ વર્લ્ડ કપ 2025 માં પ્રથમ વખત વર્લ્ડ કપ જીતીને ઇતિહાસ રચવા બદલ અભિનંદન આપ્યા.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ જોશના ચિનપ્પા , અભય સિંહ, વેલાવન સેન્થિલ કુમાર અને અનાહત સિંહના અસાધારણ પ્રદર્શનની પ્રશંસા કરી , નોંધ્યું કે તેમના સમર્પણ, શિસ્ત અને દૃઢ નિશ્ચયથી દેશને અપાર ગૌરવ મળ્યું છે. તેમણે ઉમેર્યું કે આ સિદ્ધિ વૈશ્વિક મંચ પર ભારતીય રમતગમતની વધતી જતી શક્તિને પ્રદર્શિત કરે છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે આ વિજય દેશભરના અસંખ્ય યુવા ખેલાડીઓને પ્રેરણા આપશે અને દેશના યુવાનોમાં સ્ક્વોશની લોકપ્રિયતાને વધુ વધારશે.

# IMD

ભારતીય હવામાન વિભાગે આજે કર્ણાટક અને તેલંગાણાના આંતરિક ભાગોમાં અલગ અલગ સ્થળોએ ઠંડીની આગાહી કરી છે. IMD એ જણાવ્યું હતું કે દિલ્હી , ચંદીગઢ, હરિયાણા, હિમાચલ પ્રદેશ , પંજાબ, ઉત્તર પ્રદેશ , પૂર્વ મધ્ય પ્રદેશ અને દેશના ઉત્તર-પૂર્વ ભાગોમાં આવતીકાલ સુધી ગાઢ ધુમ્મસ જેવી સ્થિતિ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે આજે અંદામાન અને નિકોબાર ટાપુઓ પર વિવિધ સ્થળોએ વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી પણ કરી છે.
આ દરમિયાન, દિલ્હી-NCR માં આજે સવારે 7 વાગ્યા સુધીમાં રાષ્ટ્રીય રાજધાનીનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક (AQI) 454 નોંધાયો હતો.